માતૃદિવસની શુભેચ્છાઓ

# રહસ્યમયી માતૃશક્તિ

~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ

**માતા**

અદ્ભુત! અસાધારણ! શિક્ષિકા!

હંમેશાં ઉપસ્થિત! સાકાર રૂપ ઉપાય-કુશળતાનું!

આવું જ છે
એક માતાનું અસ્તિત્વ જ પરિભાષિત થાય છે
તેનાં ઉત્કૃષ્ટરૂપે વિકસિત ગુણોથી :
જવાબ આપવા માટે તત્પર રહેવું, સન્માનપૂર્વક
લવચીક રહેવું, ખુદને સંભાળી લેવું, દૃઢતાપૂર્વક
*આનાથી આગળ શોધવાની જરૂર નથી*
તે તમારી સાથે ત્યાં ઉપસ્થિત છે
તે તમારી સાથે અહીં ઉપસ્થિત છે
*આનાથી આગળ શોધવાની જરૂર નથી*
તે તમારી સાથે ત્યાં ઉપસ્થિત હતી
તે તમારી સાથે અહીં ઉપસ્થિત હતી
*આનાથી આગળ શોધવાની જરૂર નથી*
તે તમારી સાથે ત્યાં ઉપસ્થિત રહેશે
તે તમારી સાથે અહીં ઉપસ્થિત રહેશે

આ વાત પર વિચાર કરો :

એક માતા જાણે છે તમારી જરૂરિયાતો પ્રત્યે સંવેદનશીલ રહેવાનું

તમારાં વિચારશીલ કાર્યોની પ્રશંસા કરવાનું

તમારા જીવન વિશે જોશપૂર્ણ રહેવાનું

તમને વિકાસ કરવા માટે પ્રોત્સાહિત કરવાનું

તમને એ સમજ સાથે સશક્ત બનાવવાનું કે

તમારી પોતાની વાર્તા લખતી વખતે

તમારી આત્મશક્તિની સુગંધ

સદૈવ તમારું પરિધાન બની રહે છે.

તમારી માતા *તમને* જાણે છે

તમારી શુભચિંતક તમારા વિશે બધું જ જાણે છે

અને તે તમને દરેક પરિસ્થિતિમાં અપનાવે છે

ભલે તમે સફળતાનો સામનો કરી રહ્યા હો કે નિષ્ફળતાનો

તે નિર્વિવાદપણે આ જાણે છે :

તમને પ્રેમ કરવાનું, મારા પ્રિયજન

તે તમારા હાસ્યને સાંભળે છે અને તમારા હર્ષોલ્લાસનો ઉત્સવ મનાવે છે

તે તમારાં નિ:શબ્દ ડૂસકાંઓનો અવાજ સાંભળે છે

અને તેનું હૃદય વિસ્તૃત થઈ જાય છે

તમને તેની હૂંફમાં લપેટવા માટે

તમારી વ્યથાને પીગાળી દેવા માટે

અને શમનકારી ઊર્જાથી તમારો અભિષેક કરવા માટે.

એક માતા જ્યારે કંઈક સારું જુએ છે
તો તે તમારા માટે એની અભિલાષા કરે છે
તમારી માતા જ્યારે જુએ છે કે તમે પોતાને
એક ભયજનક પરિસ્થિતિમાં મૂકી દીધા છે
અથવા તમારા પર દુર્ભાગ્યનાં વાદળો છવાઈ ગયાં છે
તો તેની પહેલી પ્રતિક્રિયા શું હોય છે?
તે ઘૂંટણિયે બેસીને, નતમસ્તક થઈને તમારી સુરક્ષા અને સલામતી માટે
પ્રાર્થના કરે છે
જ્યારે એક માતા પ્રાર્થનાના પ્રકાશમાં સ્નાન કરી રહી હોય છે
ત્યારે એ પ્રાર્થનાનું ફળ સૌથી પહેલાં તમને જ મળે છે
*એ તમારા માટે છે, એ તમારા માટે છે, એ તમારા માટે છે*
એક માતાનું હૃદય સદૈવ મજબૂત, અવિચળ રહે છે
જ્યારે તે તમારા માટે તમને આખા જીવનમાં જરૂર હોય
તેના કરતાં પણ વધારે આશીર્વાદો એકત્રિત કરી રહી હોય છે
તે રાતદિવસ તમારા વિશે વિચારતી રહે છે
તે તમારા હક્કમાં જબરદસ્ત દલીલ કરી શકે છે
તે તમારી સૌથી પ્રખર વકીલ છે
શું તમે નથી જાણતા,
તેના પર વિશ્વાસ કરી શકાય છે કે તે પોતાના મૈત્રીપૂર્ણ સ્વભાવથી
તમારી પહાડ જેવી મોટી મુસીબતોમાંથી બહાર નીકળવામાં
તમને મદદ કરશે?
તેનો પ્રેમ તમારી ચેતનામાં તેજસ્વિતાથી ચમકી રહ્યો છે
જો તમે કોઈ સંરક્ષક દેવદૂતને શોધી રહ્યા હો તો
*આનાથી આગળ શોધવાની જરૂર નથી.*

હા, એક માતા અંતર-પ્રેરણાથી ભરેલી હોય છે

તમારાં સારાં કાર્યો અને અરુચિકર વૃત્તિઓની ગંધને ઓળખવાની

અંતર્જાત શક્તિ તેને વરદાનમાં મળી છે

તે પોતાની જવાબદારીઓને સારીરીતે જાણે છે,

ભલે તે તમને તમારી ખુશીના ચરમ શિખર પર જુએ

કે પછી તમને તમારી વેદનાના અગાધ ઊંડાણમાં ડૂબેલા જુએ

તેની પાસે વિશુદ્ધ ધૈર્ય હોય છે

તમને સલાહ આપવાનું અને તમારી સહાય કરવાનું

સાહસી લોકો, હું તમને કહેવા માગું છું :

એક માતાના અથક પ્રેમ વિના,

તમારું જીવન રંગહીન અને નીરસ થઈ જશે.

તમારા માટે તમારી માતાની ઇચ્છાઓ વિરોધાભાસી હોઈ શકે

તે ઇચ્છે છે કે તમે એક બેજોડ મનુષ્ય બનો,

સાથે-સાથે તે એ પણ ઇચ્છે છે કે તમે

બીજાં લોકો પ્રત્યે સદ્ભાવના રાખો

તેમની ઉપલબ્ધિઓની પ્રશંસા કરો

અને તેમનાં સદ્ભાગ્યનો આનંદ માણો

ઈર્ષા અને લાલચ એ ગૌરવપૂર્ણ મુગટ નથી,

જેને એક માતા ઇચ્છે છે કે તમે પહેરો

તે તો ઇચ્છે છે કે તેનું સંતાન એ લોકોને આલિંગન કરે

જેમને તેના સંતાનની જેમ અનુકૂળ પરિસ્થિતિઓનું સૌભાગ્ય પ્રાપ્ત નથી.

આ એક ગેરંટી છે :

એક માતા પોતાના પદથી ક્યારેય નિવૃત્ત નથી થતી

તે અવિરતપણે પોતાનું પ્રભુત્વ જાળવી રાખે છે,

પરંતુ તેની પોતાની ઓળખ બનાવવા માટે નહીં

આ જ વાત તો તેને આટલી વિલક્ષણ,

આટલી દુર્જેય બનાવે છે

કંઈક એવું છે જેની તે નીડર શત્રુ છે

જેને કહે છે

"કામ અધૂરું છોડી દેવું."

માતૃદિવસનો ઉત્સવ મનાવવો એટલે તમારા પોતાનાં હ્રદય અને

આત્માના ઊંડાણમાં જોવું

અને એ બધા જ ચમકતા ખજાનાઓને બહાર કાઢવા

જે તમારા અસ્તિત્વના ખૂણા-ખાંચરામાં છુપાયેલા છે

એ અમૂલ્ય અને જીવનરક્ષક ખજાનાઓ

કદાચ તમારા અંતર-ચક્ષુઓને પણ ન દેખાય

પરંતુ, જેવી રીતે વનમાં સૂરજનાં કિરણો

ઘટાદાર વૃક્ષોની વચ્ચેથી ગળાઈને પ્રસરિત થાય છે,

તેવી જ રીતે, તમારી જિજ્ઞાસાપૂર્ણ દૃષ્ટિમાં પણ નિશ્ચિતપણે

એ ક્ષમતા હોય છે કે

ત્યાં જે વસ્તુઓ છે તેના પર પ્રકાશ નાંખે,

સારી પણ અને ખરાબ પણ,

ત્યાંસુધી, જ્યાંસુધી તમે એ વિપુલ ખજાનાઓને શોધી ન લો

જે તમારી માતાએ તમને પ્રદાન કર્યા છે

તમારી માતાના પ્રેમે
તમારાં મન, હૃદય અને આત્માને સુદૃઢ કર્યાં છે
જેથી તમે આ ઉદ્યમને શરૂ કરી શકો
અને પ્રતિકૂળતાઓ, નિષ્ફળતાઓ, મુશ્કેલીઓમાંથી
તેમજ અપેક્ષિત અને અનપેક્ષિત ઘટનાઓમાંથી પસાર થઈ શકો
તેણે તમારી અંદર ઘણે ઊંડે વાવી છે
સમસ્ત સારપ, પૂર્ણતા અને અસાધારણ યોગ્યતા
જે *તમે* છો —
એ જ્ઞાન કે તમે વિશુદ્ધ પ્રેમનું રૂપ છો
એનાથી કોઈ ફરક નથી પડતો કે
તમે ધર્મના આધાર પર કયા સંબંધો બનાવ્યા છે,
તમે પોતાના વિશે કયા-કયા સાચા કે ખોટા મત
બનાવ્યા છે
અને તમારા વ્યક્તિત્વને કઈ-કઈ વસ્તુઓએ
પ્રભાવિત કરી છે
ત્યારથી, જ્યારથી તમે માતાના દામનનું
આશ્રય છોડ્યું છે.

જ્યારે તમે નિરાશ હોવ છો
ત્યારે બની શકે કે તમે ઘણી બધી અલગ-અલગ વસ્તુઓ,
ઘણાં બધાં અલગ-અલગ લોકો તરફ વળો,
જેઓ તમને એ એકાંત આપી શકે જે તમે ઇચ્છો છો
અને પ્રોત્સાહન આપી શકે

શું હું તમને એક વાત કહું :

શું તમે તમારા અંતરતમમાં જઈને

એ રત્નો અને ખજાનાઓની ખોજ નહીં કરો

જેને તમારી માતાએ તમારી અંદર સાચવીને મૂક્યાં છે,

ખૂબ જ મહેનતથી, પ્રેમથી અને સાવધાનીથી?

તમારા જીવનમાં બની શકે તમે ઘણા બધા મિત્રો બનાવો

બની શકે તમે રાત્રે લાખો તારાઓ જુઓ

બની શકે તમે ઘણા બધા પૈસા કમાઓ

બની શકે ઘણી બધી મોહક વસ્તુઓ તમારી સમક્ષ આવે

બની શકે તમે અજાણ્યાં લોકોની સાથે હસો

બની શકે તમને આ સંસાર અત્યંત લોભામણો લાગે

બની શકે તમે સ્વયંને જ્ઞાન અને આત્મસન્માન વિકસિત કરવાનું શીખવો

બની શકે તમારી પાસે હજારો કલાકોનો સમય હોય

પરંતુ મારા આત્મીય જન, હું તમને એક રહસ્ય કહી રહી છું :

કોઈપણ વસ્તુ સાથે તુલના નથી થઈ શકાતી

માતાની પ્રેમભરી નજરની,

તેની દયાળુતાભરી મદદની,

તેના ત્યાં જ, તમારા કોષોમાં હોવાની,

જ્યાંથી તે તમારી દેખરેખ કરી રહી છે,

શ્વાસ લઈ રહી છે

તમારી સાથે

તમારા માટે.

ઘણી બધી રીતો છે જેના દ્વારા તમે વર્ણન કરી શકો છો કે એક માતા કોણ છે

તમારી પાસે એ વિશેષ અધિકાર છે કે

તમે તેનાં ઉત્કૃષ્ટ ગુણોની પ્રશંસા કરો,

જેના માટે તમે તેના ઋણી છો

અને તમારી પાસે એ વિશેષ અધિકાર છે કે

તેનાં અનુશાસનભર્યાં પગલાંઓ માટે તમારો અસંતોષ દર્શાવો

પરંતુ બધું જ કર્યા અને કહ્યા પછી,

એ તેનું મનમોહક અલૌકિક સ્મિત જ છે જેની જીત થાય છે

માતા જેવું કોઈ નથી

અને *તમારી* માતા સૌથી અલગ છે

જોકે આ સુંદર ગ્રહ પર

અગણિત માતાઓ છે

પરંતુ તમારી માતા તમને સૌથી પ્રિય છે,

તેને જ તમે તમારા હૃદયમાં રાખો છો

નિઃસ્વાર્થ પ્રેમ સાથે,

ભલે તમે તેને ઓળખી શકો કે નહીં

અમુક એવી ક્ષણો પણ આવે છે જ્યારે

અચાનક,

તમારી પરિસ્થિતિ પર લાગુ કરવા માટે

તમને સચોટ જ્ઞાન મળી જાય છે

અને તમને તમારા પર ગર્વ થાય છે

એ ક્ષણોમાં,

એક શ્વાસ લો.

અંતરના ઊંડાણમાં જુઓ.

તમારા માટે શું ઊભરીને આવે છે?

એ જાણી લો કે

આ માતાની *આજીવન રહેનારી* ભેટ છે તમારા માટે —

માતા તમને અંતર્જ્ઞાન શોધવાનું શીખવે છે

અને એ જ્ઞાનને જીવનમાં ઉતારવાનું શીખવે છે જેથી

તમે ઉચિત માર્ગ પર પાછા આવી જાઓ

આ રીતે, તમે એક ઉદ્દેશ્યપૂર્ણ જીવન જીવવાનું શીખો છો

તમારી માતા તમારા માટે જે કરે છે

તે બીજું કોઈ ક્યારેય નહીં કરી શકે

તેમ છતાં, આ સંસારમાં ઘણા બધા પ્રકારની માતાઓ હોય છે

અને કદાચ ઘણાં બધાં એવાં લોકો હશે જેમણે તમારા માટે

એક માતાની ભૂમિકા નિભાવી હશે

સત્ય તો એ છે,

જે પણ

માતૃત્વની જવાબદારીનો અંગીકાર કરે છે

તે આ રહસ્યમયી માતૃશક્તિથી અનુપ્રાણિત થઈ જાય છે.

આ શક્તિના સામર્થ્યને

શબ્દોમાં વ્યક્ત નથી કરી શકાતું.

મારી શુભકામના છે કે

દરેક માતા પોતાના માટે ઉપલબ્ધ સાહસના ભંડારનું તાળું ખોલી દે

દરેક માતાને વૈકુંઠનાં કિરણોથી તાકાત પ્રાપ્ત થાય

દરેક માતાને લોકોની દયાળુતા અને તેમની સમજ પ્રાપ્ત થાય

એ બધા માટે જે તેણે પોતાના પરિવાર માટે કરવાનું હોય છે

દરેક માતા પૂર્ણપણે આશ્વસ્ત રહે

કે તેનો પ્રેમ તેનાં બાળકોનાં હૃદયને સ્પર્શે છે

દરેક માતા તેનાં બાળકોના પ્રેમામૃતનું રસાસ્વાદન કરે

અને તેને તેમની પ્રશંસાનો પુરસ્કાર મળે

દરેક માતા એ જુએ કે તેનો પરિવેશ સૌંદર્યથી સુશોભિત છે

દરેક માતા સુખ અને સ્વતંત્રતાની સંપદા સાથે જીવે

દરેક માતાને એ જ્ઞાન થાય કે તેની ઉપસ્થિતિ માત્ર

એક અમિટ છાપ છોડી જાય છે

અને આ સંસારમાં તેનું હોવું એ ગૌરવની વાત છે.

***

બધી માતાઓની માતાનો મહિમાગાન દેવીના રૂપે કરવામાં આવે છે

આવો, આપણે રહસ્યમયી માતૃશક્તિનું સન્માન કરીએ

આવો, આપણે દેવીનું નામસંકીર્તન કરીએ

જે એક માતાના રોમ-રોમમાં નિવાસ કરે છે

નિરંજની અન્નપૂર્ણેશ્વરી।

જગદીશ્વરી પરમેશ્વરી।

કાત્યાયની નમોઽસ્તુ તે ॥

હે દેવી!

તમે નિરંજની છો, નિર્મળ અને પરમ શુદ્ધ.

તમે અન્નપૂર્ણેશ્વરી છો, ભરણપોષણ અને પ્રચુરતાનાં દેવી.

તમે જગદીશ્વરી છો, આ બ્રહ્માંડનાં મહાસમ્રાજ્ઞી દેવી.

તમે પરમેશ્વરી છો, પરાદેવી.

તમે કાત્યાયની છો, મહાદેવી

જે અંતર-શત્રુઓનું દમન કરનારી છે.

હે દેવી, હું તમને નમન કરું છું.

© ૨૦૨૫ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.